રે.દિ.મુ.નં.૯૨/૨૦૨૨

## આંક–૫ લગત હુકમ

(૧). વાદીએ હાલનો દાવો કબજાના રક્ષણ તેમજ કાયમી મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે તેમજ દાવા સાથે હાલની સી.પી.સી ઓર્ડર–૩૯ રૂલ–૧ તથા ૨ હેઠળ મનાઈ અરજી રજુ કરી દાવાનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.

વાદીની મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે સાંતેજ, તા.કલોલ, જિ.ગાંધીનગરની સીમના ખાતા નં.૬૦૮ માં આવેલા બ્લોક/ સર્વે નં.૧૮૦૨ જુના સર્વે નં.૧૮૭૩/૧ જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦–૪૧–૬૨ ચો.મી. આકાર રૂા.૨.૨૫ જુની શરતની જમીન વાદીઓની વડીલોપાર્જીત સંયુકત માલિકી, કબજા ભોગવટાની આવેલ છે. વાદીઓના મર્હુમ વડીલ બબાજી ગટાજીના નામે દાવાવાળી મિલકત ખેડ હકકે માલિકી હકકે ચાલતી હતી. અને સને ૧૯૬૪–૬૫થી ૨૦૦૪–૦૫ સુધી તેઓનું નામ ખેડુતની કોલમમાં ચાલતુ હતુ.ત્યારબાદ કોમ્પ્યુટરાઈઝ રેકર્ડ થતા તેઓનું નામ બતાવતુ નથી. વાદીઓ દાવાવાળી મિલકતમાં ખેતી કરી પાક લેતા આવેલા છે અને હાલમાં પણ સ્થળ ઉપર પ્રત્યક્ષ, કબજો, ભોગવટો વાદીઓનો છે વાદીઓના બાપદાદાના વખતથી પાકા મકાનો આવેલા છે તેમજ મેલડી માતા અને ઝોપડીમાતાનું મંદિર આવેલ છે. વાદગ્રસ્ત મિલકતમાં બાઈ લક્ષ્મીબેન તે પુંજાદાનાની દિકરીના નામે અગાઉ માત્ર રેકર્ડ પર ચાલતી હતી જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નં .૭૨૦થી પડેલ છે અને લક્ષ્મીબેનનું દાવાવાળી મિલકતમાં માત્ર નામ ચાલે છે. તેવુ તેમની હયાતીમાં તેઓ સારી રીતે જાણતા હતા પરંતુ તેમના કાયદેસરના માલીક અને કબજેદાર બબાજી ગટાજી હોય, તેઓ પોતાની હયાતીમાં કયારેય પણ વાંધો વિરુધ્ધ કરેલ નથી. એકત્રીકરણ થતા નોંધ નં.૮૬૪થી વાદીઓના વડીલના નામની નોંધ થયેલી. વાદીઓ સદર મિલકતમાં ખેતીનો સામાન રાખવા તથા

રહેવા સારુ ચાર પાકા મકાન બનાવેલ છે અને વાદીઓના બાપદાદાના વખતથી સતત ૫૭ વર્ષથી કબજો, ભોગવટો ધરાવે છે. તા.૨૩/૭/૧૯૯૭નારોજ લક્ષ્મીબેનનું અવસાન થયા બાદ પણ પ્રતિવાદીઓએ તેમના નામ દાખલ કરાવેલા નહી કે વાદીઓની માલિકી, કબજા બાબતે કોઈ પણ પ્રકારની તકરાર ઉપસ્થિત કરેલ નહી તા.૧૭/૨/૨૦૨૧ના રોજ વારસાઈ નોંધ નં.૧૩૬૧૬ કરાવેલ. જે તા.૨૬/૫/૨૦૨૧નારોજ પ્રમાણીત થતા પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલા છે અને તેઓ તેના આધારે અન્ય ઈસમોને દાવાવાળી મિલકત વેચવાની પેરવી કરી રહેલા હોય દાવાના આખરી નિકાલ સુધી આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત કોઈને, વેચાણ, ગીરો, બક્ષીસ કરે કરાવે નહી વાદીઓનો કબજો લે લેવડાવે નહી, ગેરકાયદેસર પ્રવેશ કરે, કરાવે નહી તેમજ વાદીઓને ખેતી કરતા કે પાક લેતા, કે વસવાટ કરતા રોકે, રોકાવે નહી તેવા વચગાળાના મનાઈ હુકમની માંગણી કરેલ છે.

(૨) આ કામે વાદીઓની મનાઈ અરજીની નોટીસ/સમન્સ ઈસ્યુ કરતા પ્રતિવાદીઓને બજી ગયેલ છે પરંતુ પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર ન રહેતા તા.૩/૧૦/૨૦૨૩ના રોજ આંક–૧ લગત હુકમ કરી પ્રતિવાદીઓ સામે દાવાની કાર્યવાહી એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે હાલની અરજી લગત વાદીઓના વિ.વ.શ્રી કે.આર પ્રજાપતિની દલીલો સાંભળી.

(૪) દરમ્યાન મનાઈ અરજીના ન્યાયિક નિર્ણય હેતુ મારી સમક્ષ નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.

**: મુદ્દા ::**

૧. શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે?

૨. શું સગવડતા અને અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

૩. જો વાદીએ માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ના આવે તો તેઓને નાણાંમાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવાનો સંભવ છે?

(૫). ઉપરોક્ત મુધ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧:– હકારમાં

૨:– હકારમાં

૩:– હકારમાં

**:: નિર્ણયો અંગેના કારણો ::**

(૬). **મુધ્દા નંબર–૧ થી ૩**

મનાઈ હુકમ સંદર્ભે કાયદાકીય સ્થિતી સ્પષ્ટ છે કે મનાઈ હુકમ માંગનારે સ્પષ્ટ,સચોટ અને મજબુત પુરાવાથી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે. આ ઉપરાંત મનાઈ હુકમ માંગનાર પક્ષકારે વિશ્વનિય પુરાવાથી અદાલત સમક્ષ પુરવાર કરવાનું રહે છે કે અગવડતા સગવડતાની સમતુલા તેમની તરફેણમાં રહેલી છે અને અદાલતની દરમ્યાનગીરી ના થાય અને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવામાં ના આવે તો વાદીને નાણામાં ના આંકી શકાય તેવું નુકશાન થવાની પુરેપુરી સંભાવના રહેલ છે. મનાઈ હુકમના ઉપરોક્ત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી દાવાવાળી જમીનો સંદર્ભે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ ? તે બાબત જોવામાં આવે તો વાદી એવી હકીકત સાથે દાવો લાવેલ છે ,વાદવાળી મિલકત તેઓની વડીલોપાર્જીત છે.અને વાદીઓનો ૫૭ વર્ષથી બાપ દાદા વખતથી કબજો, ભોગવટો છે. વાદી તરફે માર્ક ૩/૧ તથા ૩/૨થી દાવાવાળી મિલકતના ગામ નમુના નં.૭/૧૨ તથા ૮ અ ની નકલ રજુ કરવામાં આવેલ છે જેમાં પણ કબજેદાર ની કોલમમાં હાલના પ્રતીવાદીઓ તથા મે.સમાહર્તા

**રે.દિ.મુ.નં.૯૨/૨૦૨૨**

મહેસાણાનું નામ છે. માર્ક ૩/૩થી વાદગ્રસ્ત મિલકતના રેવન્યુ રેકર્ડની નકલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવે તો તેમાં કબજેદાર તરીકે બાઈ લક્ષ્મી પુંજા દાનાની દિકરીનું નામ છે તેમજ ગામ નમુના નં. ૧૨ માં સને ૧૯૬૪–૬૫થી ૨૦૦૪–૦૫ સુધી વાદીઓના વડીલ બબાજી ગટાજીનું નામ છે. જે સ્પષ્ટપણે સુચન કરે છે કે દાવાવાળી મીલકત વાદીઓનાં કબજા ભોગવટામાં આવેલ છે. પ્રતિવાદીઓનાં માતા લક્ષ્મીબેનનું નામ નિઃશકપણે રેવન્યુ રેકર્ડમાં ફલીત થાય છે પરંતુ લક્ષ્મીબેન ધ્વારા તેઓની હયાતી દરમ્યાન વાદીઓનાં ખેડહકક ને ચેલેન્જ કરેલ હોય તેવો કોઈ જ પુરાવો પ્રતિવાદી પક્ષ ધ્વારા રજુ કરેલ નથી. જેથી દાવા વાળી મીલકત ઉપર વાદીઓનો કબજો સ્પષ્ટપણે ફલીત થાય છે. ઉપરોક્ત સંજોગોમાં દાવાની પડતર કાર્યવાહી દરમ્યાન કબજા અને ટાઈટલની સ્થિતી યથાવત જાળવી રાખવામાં આવે તો તે ન્યાયીક ગણાશે.જેથી હાલની અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

– વાદીઓની અરજી અશતઃ મંજુર કરવામાં આવે છે.

– દાવાનાં આખરી નીકાલ સુધી બન્ને પક્ષકારોએ વાદગ્રસ્ત મીલકતની યથાવત પરીસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૨૪ માહે જૂન,સને ૨૦૨૪ નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**( યુ.બી.દેવડા )**
એડીશનલ સિનિયર સિવિલ જજ
કલોલ (જીજે ૦૧૨૫૯)

તારીખ : ૨૪/૦૬/૨૦૨૪
સ્થળ : કલોલ

Seen
JBNagar
વાદી તરફે.